શ્રી ગણેશ પ્રસન્ન

મ્હારી પુષ્પમાળા. પુષ્પ ૧૯.

મ્હારો ભવેડો
યાને
તમારી ઢોલકી.

લખનાર "હું પોતે"
પ્રસિદ્ધ કરનાર પંડિત પ્રર્ષંસ.
નાણાવટ સુરત.

એક પિતાના બાળ સૌ, રંક વળી કો રાય.
રંક સ્થિતીને મન ધરી, કરો રંકને સ્હાય.

સુરત 'ખોદાબક્ષ' પ્રેસ નાણાવટ.
કિમત આપવી લેવી.



મારો ભવેડો યાને તમારી ઢોલકી.

પ્રભાતના કલાક આઠનો સમય છે. પક્ષીઓ સ્વસ્થાન તજી આનંદે હવામાં નભ તરફ ઉડતાં હતાં. સારાંસ–જે સમયે પ્રાતઃકાળની દરેક શોભા થઈ રહી હતી, તે સમયે વિદેશીને હસ્તે અનેક શોભા યુક્ત ઇંદ્રપુરીથી પણ અધિક ચોર્યાશી બંદરનો વાવટો મુંબઈનગરીમાં પ્રખ્યાત સુન્નેશ્વર લત્તામાં હરગોવન દેશાઇની કંદોરીના માળામા ત્રીજે માળે ચાલીમાં આરામ ખુરશીપર બેસી "જામે જમશેદ" પત્ર વાંચતો હતો. એટલામાં પાછળથી એકદમ મારા નામની બુમ પડી. જે સાંભળતાંજ ચમક્યો. અને એકદમ ગભરાટમાં પાછળ જોતાં ઓ–તારીની. કોઈ શીવસ નહીં ને આજેજ. કે જેને જોતાંજ મન ચમક્યું, શરીર કંપ્યું અને કંઇ કંઇ થવા લાગ્યું. કારણ બુમ પાડનાર કોઈ નહી. પણ ફક્ત ટપાલવાળોજ હતો.

એને જોતાં આટલું બધું ગભરાવાનું મુખ્ય કારણ એ. હતું કે મ્હારા દાદાજીના સખી દાદાજી શીખવી ગયા હતા કે કોઇ પણ દીવસ કાગળ લખી નકામી સરકારને પેદાશ કરાવી. આપણા ગજવાપર ભાર મુકવો નહીં. કારણ જયાં સુધી પત્ર ન આવે ત્યાં સુધી સર્વે સારૂ, અને જો કદાપી કાગળ આવ્યો તો કાંઈ હસાનભાઈ મુસાનાં

ઘર જેવા સનાનના છેજ. અને તેથીજ પત્ર જોતાંજ હાંજા ગગડી ગયાં. પત્ર હાથમાં લેતાં ટાંટીયા ધ્રૈરીયા રમવા લાગ્યાં અને જેમ જેમ ફાડતો ગયો તેમ તેમ અંતઃકરણ ચીરાતું ગયું.

પત્ર ખુલ્યો. અને વાંચતાં અરે વાહ—વા—વા-વા. શું કહું? કંઈ નહી. ફક્ત એટલુંજ લખેલું હતું કે, મ્હારા. શાણા, ભણેલા, ગણેલા, હોસીયાર, ચાલાક, ચબરાક (એમના સગાના કહેવાથી) ધણીયાણી જાતે ને પોતે એઓના ભાઈ સાથે પધારતાં હતાં.

તરત ઘડીયાલમાં જોતાં ગાડીનો સમય થઈ ગયો હતો અને હજી કેમ ન આવ્યા. તે વિચારવા લાગ્યો એટલામાં નીચે ગાડી આવી સામાન ઉતાર્યો અને સરવે ઉપર આવ્યા. પરંતુ અફસોસ કે મ્હારા મ્હારાણીજીના મુખ ઉપર આંસુના જેવાં ચીન્હ જણાતાં હતાં. જેનો ખુલાસો મ્હારા સાળા પાસે માગતાં, જે જવાબ મળ્યો તે શબ્દે શબ્દ મ્હારા પ્રિય વાંચનાર નીચે લખું છું.

ઘેરથી નેકળી ગાડીપર આઈવા તાણે તીચટ ચ્યોની લેવી, પુછતાં મેં કહું 'ચલી રોડ'ની; અને તીચટ લઈ ને ગાડીમાં બેડાં જે વખતે મેં મારી બાનને કહું કે જે

ટેશીનપર ઉતરવાનું સે તે ટેશીનપર મે ઉતરી તને ઉતા તારપાછી કેયે ઉતરતી નએ. 'ચલીરોંડ' નું ટેશીન આવ તાં હું ઉતરી ભાયડાના ડબ્બા મુચી બાયડાના ડબ્બા આ ગળ ગીયા અને જોઉં તો ચે ગજબ. અરે તાંતો નીજ મરે. ગભરાયો. અકરાયો અને 'હવે હું કરવુ એ વસાર તો સું.

એટલામાં એક પારસી બાઇયે કીહું ભાઇજી કોને જોવોસો?

મારૂ એક મનીખ સે ઇને જોઉસું. મે કીધુ અરે તે હરીરે હારાતાજા સેજી. અને એટલામાં ઘંટો થીયા અરે હા તે ચ્યાં સે? મે કાધું.

અને એટલામાં ગાડી ઉપડી, મેં પાછળ દોડતાં પુસ્યું તે ચ્યાં ઉતરી.

"ગીરાંડોલ" તેણ્ કહું

• હત તેરીકી માંર્યા. કે એટલામાં એક આવતી લોકલ ગાડીમાં પાસો "ગીરાંડોલ" ગીયો અને જોઊસું તો ઇ વસમાં અને આગળ પાછળ સપઈ દાદા અને તે હરવે ઇને કોંય કોંય પુસતા હતા.

'બાઈ તમે ચ્યોથી આવેલા?

અમણાઆમાદથી નીકળી **મેમણાવાદ** થઇ **મેમઇ** જાવુ સે.

આ હુકીયાની ભાછા હાંભળતા હરવે ખુચ ખુચ થૈ જયા.

અહી ચ્યો રો સો? છપઇ દાદાયે પુછ્યું.

ઇ મને ખભર નથી.

ત્યારે તમારા ધણીનું નામ હુ?

તે અમારામાં ધણીનું નામ ન દેવાય તે ચ્યમ કહુ"

તમે એકુલાજ છો?

ના મારા ભાઇ સે.

તમારા જેવાજ હારો એકે કહુ

અને મને જોતાજ હરવે મારી બુનની જોડે આવ્યા ને મને પુછવા લાગ્યા. ચ્યમ શેઠ? ગાડીમાં હગી ગીયાતાં શું? અરે બાયડીની ભાળ પણ નો રખાઇ

અરે પોતેજ ભુલ્યા હશો. એકે કહું.

ઇ મારી બોન સે. બાયડી નથી.

પોલીસ દાદા વધારે સળકયા. અને બે ચાર તીખી મેઠી લીલી હુકી હંભળાવી દીધી. આ હરવેથી હું

ગભરાણો તે એક પારે હવેલી ' વીસતોડીયા ' ભાડે કરી જય મત્યમ કરતેકે ઓય આવ્યા.

આ વતાંત સાંભળી સેવક ઘણોજ ખુશ ખુશ થઈ ગયો કે વાહ શી આફ્લાતુનનો અવતાર સુંદરી મળી છે.

વાત ચીતમાં વિરીશ સમય જતાં મ્હારી ઓફીસ મા સમય થયો જાણી મારૂ પ્યારૂ ભોજન પાપડી ને ઢો-કળી કરવાનું કહી હું તથા મારો સાળો નાહીધોઈ વાતો કરવા બેઠા હતા. જયા મે આ વાત કોઈને ન કહેવા સખ્ત શીખામણ દીધી, કારણ જેથી ફજેતી ન થાય.

અમે બેઠા છઇયે ત્યાં પાસેની ઓરડીના કેટલાક મારા મીત્રો મળવા આવ્યા હતા. વાતોના ગપ્પાં ચાલે છે. ત્યાં એકદમ બારણાના ભડાકા સાથે વીજનો ચમકાર થયો. અને તર્ત ગગડાટ સંભળાયો કે લ્યો હેંડો કે 'આ તમારી ઢોકળી' તૈયાર થઈસે જે સુરીયાની ભાષા સાંભળી સેવ કતો મગન મગન થઈ ગયો. જયારે સર્વેજન હસવ લાગ્યા.

હવે બજાવવાની બાકી છે મારેથી બોલાઈ ગયું.

અમે બંન્ને જમવા ગયા થાળી આવતાં એ ગજબ પાપડી ઢોકળીને બદલે ભઠું યાને ઘેંસના માફક એક

રસ થઈ ગયલો. લોટ તથા કાચી આખી પાપડી હતી. આ અમૃત સમ ભોજનનો ત્યાગ કરી હું ઉઠી ગયો જયારે મારો અડબંગનાથ સાળો ખુશાલીથી એવું રૂડું સે કરી સ્વાદે ખાવા લાગ્યો અને સફાચટ સ્વાહા કરી ગયો.

સાંજના ઓફીસથી ઘેર આવી જોઉ છું તો માળા માની સર્વે સુંદરીયોની વચમાં મ્હારા સળા ડાહ્યાં શેઠાણી બીરાજયાં હતાં. અને ગામ ગપાટા મારતાં હતાં અને જે મને જોતાંજ ઘરમાં આવતાં આવતાં ગાજયા લ્યો હેંડો. કે કહોકે હવે મેમઈ આણુ દેખાડશો.

કાલે સાંજના. કારણ કાલે રવીવાર છે.

લખવાની જરૂર નથી કે દુખેપાપે વાળુ કરી. બીજે દીને સ્વહસ્ત પાક કરી જરા એસ આરામ માટે બેઠો હતો ત્યાં હવે લ્યો હેંડો કે મેં તો કપડા બદલ્યા. તમે લુગડુ બદલોં કે જોડેવાળા પણ આવનાર સે, મરૂ મન નહોવાથી મે ના કહી. જયા વાત હઠે ચડવાથી કલાક ચારે ફરવા નીકલ્યાં મારો સાળો સાથેજ હતો. વળી ગમત પડશે ધારી પડોશના પુરના પણ સાથેજ થયાં અને સરઘસ આગળ ચાલ્યુ.

જીતેકરની ચાલી આગળ થઇ આગળ જતા ઘણા માણસોની ભીડ હોવાથી મહારા શેઠાણી એકદમ ભાષણ કરી ઉઠયાં. અરે રે મારા રોયા ફાટીમુવા ચેટલા મનીખ, રોયા ઢેખાળાની ઝાડે આમ તેમ રખડે. અને આગળ ચાલતાં ચર્નીરોડના સ્ટેશનપર જતા વચમાં ત્રામના પાટા આવવાથી એકદમ બોલી ઉઠયાં, હ્યો હોભલ્યું કે, અરે ઉભા રહો આય ગાડીના પાટા સે તે ગાડી આવહે તો સુંદાઈ જઈહું. અને ઘણા જોરથી બુમો પાડવા લાગ્યા. એટલા માં સાથેવાળાએ સમજાવ્યું કે એતો ત્રામવેના છે અને એક દુરથી આવતી ત્રામને બતાવી જે પાસે આવતાં મને સંબોધી એકદમ બોલી ઉઠયાં.

હ્યો હોભલ્યું જાણ્યું કે આ તમારી તાણમેલ આવી. મે શરમને માર્યાં કંઈ જવાબ દીધો નહી પરંતુ એટલામાં રસ્તાપર છંટાતુ પાણી જોઈ એકદમ ત્યાં દોડી જઈ નળમાંથી પડતું પાણી હાથમાં લઈ એ હોભલ્યું જાણ્યું કે ગંગાજી નેકલ્યાં. હ્યો હ્યો ગંગા- જી નેકલ્યાં આવો કે નાઈ લઈયે જે મારીમા-ગંગા માં- જમના મા-રેવા મા-તાપી મા વીગેરે શબ્દો બોલી સરવેની અજાયબી વચ્ચે ખુશાલ પીવા લાગ્યા. લે ભાય આય,

આય. એ તો હરવે રોયા હુધરેલા સે. તુ આય. અને સરવે ની અજાયબી વચ્ચે તે પણ પહોંચ્યો, મે ડોળા કાડયાં તો ચમ સે ને ઇતો પાણી પી. ને પુન કરવાનુ સે. ઇમાં ચ્યો જઇ દેવીશે. અને એટલામાં પાછળથી મોટરકાર આવી જેને માટે પડોસણે ગમતને માટે ગાડીનું નામા આપ્યુ હતું જેથી એકદમ બોલી ઉઠયાં લો-લો અ તમારી મોહણઆર આવી.

પણ એટલામાં નજર પડતા કુત્રો કાસીની જાત્રાએ શુ જાય કે રસ્તામા જાતભાઇ ઘણા. તદવત એનાજ ગામ ના એનાજ જેવાજ મળી આવ્યા જેને જોતાજ હાય હાય ચમ અલી, ચ્યોણે આવી ! મારા શેઠાણી બખાર્યાં

હે હે મેર કે રોંડ તુ આય સે. અને બન્ને વચ્ચે ભપકા ભરી ભાશા શરૂ થઇ. ચમ તે મેમઇ ભાલ્યુ

નારે,આ એમને આજેજ લઇને નેકળીશું મેમઇ પરણ્યા શાને ઇનેજ હાટુના. મારા ભાગીધર બોલ્યા. વાતો આગળ ચાલી જેની વચમાં અલ્પવિરામનુ નામ નથી. તેમ પુરણવીરામ કાંઇ જણાતુંજ નથી. લ્યો હેંડો કે, મારા શાળાચે કહયું તે ચમ સે તે મારી બુનપણી તે વાતુ કરવા દ્યો. રસ્તા માં નહી મે કહયું. લે હેંડ તાણે અલી કે વાંશ પરણ્યા

ને જે એમ હીડે અને મારા જેવા બીજા પણ પુન્યવ્રત ધારણ ઢોલાજી અકરમી પણ અમારી સાથે થયા અને સરઘસ આગળ ચોપાટીપર ચાલ્યું. જ્યા ક્ટપાથપર આવ-તાં અસી મારા ટાંટીયાં થાચી ગયા કહી રસ્તાપર બેસી ગયાં જેથી સરવેને હસવું આવ્યું અને ઉઠવાનું કહે તો તાણે ચ્યાં બેસીયે કહી વાતો કરવા લાગયા. મારેથી વધારે સહન ન થઈ શકવાથી ગુસ્સાથી કહ્યુ જેના જવાબમા ચ્યમ સે તે વમે તમારે જાઓ કે ઘણે દીવસે મહ્યા સીયે તે વા તું ના કરીયે. આથી મારો મીજાસ ગયો અને છપ્પો સાતમાનો એક બેંચી કાડવા સામેથી તેવોજ બદ લો મળવા જેવો સમય જાણતા ગભરાયો પણ એટલામાં ઓ ગજબ પાંછળથી મારા શાળાયે અરજી જમાવી. સાથે તેની બેનપણી તો હતીજ. હ્યો મારો મારો ના પોકા-રથી ચોપાટી ગાજી રહી અને વધારે ફજેતીની બીકે ના સવા જતાં મારા ઘરવાળાયે ચોરીમાં જેમ ઘોતીયાનો છેડો પકડયો હતો તેમ પોતીનો છેડો પકડતાં પોચા પાણી થઈ જવાથી સરી પડયું અને આગળ શું કહુ પ્રિય વાંચનાર કંઈજ નહી.

ફક્ત એટલુંજ કે જેમ તેમ પોતીયું વીટાળી બાકી નો ભાગ હાથમાં લોચો પોચો લઇ નાઠો તે છેક ઘેર આવી પાછો આરામચેરપર બેસી ખુશાલ સાંજનુ 'જામે' વાંચતો બેઠો તે દીવસથી કસમ ખાધા છે કે બાપ જન્મે બંદીને સાથે ફરવા નજ લઇ જવી.

લખવાનો હુદેશ એટલો કે?

દોહરો.

ફજેતીના ઠાઠમાં કે'સુરે સાવચેત.
પંચાતી પુરી બડે દીને દીને ફજેત.

ત્યાર બાદ આવતે અઠવાડીયે મારો ભવેડા યાને સાસરાની સેલગાહને માટે એક પઈસો તઇયાર રાખશો.





